## વાપીમહાનગરપાલિકા

## નામદાર ગુજરાત હાઈકોર્ટ તેમજ સુપ્રિમ કોર્ટ એડવોકેટશ્રીની

## પેનલ બનાવવા અંગેની જાહેરાત

વાપી મહાનગરપાલિકા ધ્વારા / વિરુધ્ધ નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ખાતે આવેલવિવિધ ટ્રીબ્યુનલ, ફોરમ, આયોગ તેમજ સુપ્રિમ કોર્ટમાં દાખલ કરવામાં આવતા તમામ પ્રકારના કેસોનેચલાવવા નામદાર કોર્ટો સમક્ષ હાજર રહી વાપી મહાનગરપાલિકા વતી રજુઆતો કરી કેસોનો નિકાલ કરવામાટે વાપી મહાનગરપાલિકા ધ્વારા પેનલ એડવોકેટોની યાદી તૈયાર કરવાની હોય, જેથી ઈચ્છુક વકીલ પાસેઅરજીઓ મંગાવવામાં આવે છે.

(એ) ગુજરાત ટાઉન પ્લાનીંગ એકટ, ધી જી.પી.એમ.સી.એકટ અન્વયેના જી.ડી.સી.આર., રેવન્યુ,યુ.ડી.ડી., ટેનન્સી, યુ.એલ.સી. બાંધકામની પરવાનગી, ગેરકાયદેસર બાંધકામ બાબતે, જમીન સંપાદન, ગુડા એકટ, જમીન-મિલ્કત, જાહેરાતના માધ્યમ (હોર્ડિંગ્સ, કીઓસ વિગેરે) અને આજ કાયદા હેઠળ અન્ય બાબતના કેસો

(બી) વા.મ.ન.પા. ધ્વારા/વિરુધ્ધ વિવિધ ટ્રીબ્યુનલ/આયોગ/કમિશનમાં દાખલ કરવામાં આવતા કેસો

(સી) વા.મ.ન.પા. ધ્વારા/વિરુધ્ધ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવતા સિવિલ તેમજ ક્રિમીનલ તમામ પ્રકારનાં કેસો

(ડી) વા.મ.ન.પા.ધ્વારા/વિરુધ્ધ નામદાર સુપ્રિમ કોર્ટના તમામ પ્રકારનાં કેસો

ઉપરોકત વિવિધ પ્રકારના કેસો માટે હાલમાં પ્રેકટીસ કરતા જે તે કેસોના કામોનો ૧૦વર્ષ કરતાં વધુ પ્રેકટીસનો અનુભવ ધરાવતા ઈચ્છુક વકીલો પાસેથી અરજી મંગાવવામાં આવે છે.

**લાયકાત :-**

૧. અરજદાર જે પ્રકારના કેસોની પેનલ માટે અરજી કરતા હોય તેવા કેસો માટે સનદ મેળવ્યા તારીખથી હાઈકોર્ટ/સુપ્રિમકોર્ટમાં ઓછામાં ઓછા ૧૦ વર્ષ અપીયર થયેલ હોવા જોઈએ.

૨. અનુભવ માટે નામદાર હાઈકોર્ટ, નામદાર સુપ્રિમકોર્ટ વિગેરે સંબંધિત કોર્ટનું પ્રમાણપત્ર તેમજ સનદની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

૩. ઉપરોકત પ્રકારનાં કેસો ચલાવવાનો અનુભવ ધરાવનાર તથા તે પ્રકારનાં કેસો બાબતે નીચે જણાવેલ માહિતી અંગેનાં જરૂરી પુરાવા અરજી સાથે રજુ કરવાનાં રહેશે.

૩.૧ કેટલા પ્રકારના હાઈકોર્ટ/સુપ્રિમકોર્ટનાં કેસોમાં અપીયર થયેલ છે તથા કેટલા હાઈકોર્ટ/ સુપ્રિમકોર્ટના કેસો નામદાર કોર્ટમાં પેન્ડીંગ છે.

૩.૨ કુલ કેસો પૈકી હાઈકોર્ટ/સુપ્રિમકોર્ટના કેટલા કેસોમાં તમારી તરફેણમાં ચુકાદો આવેલ છે.

૩.3 સરકારશ્રી/કોર્પોરેશન તરફથી કેટલા પ્રકારના હાઈકોર્ટ/સુપ્રિમકોર્ટનાં કેસોમાં અપીયર થયેલ છે તથા કેટલા હાઈકોર્ટ/સુપ્રિમકોર્ટના કેસો નામદાર કોર્ટમાં પેન્ડીંગ છે.

૩.૪ સરકારશ્રી/કોર્પોરેશન તરફથી કેટલા કેસો પૈકી કેટલા હાઈકોર્ટ/સુપ્રિમકોર્ટના કેસોમાં તમારી તરફેણમાં ચુકાદો આવેલ છે.

સુચના:-

૧. છેકછાકવાળી, સમય મર્યાદા બાદ આવેલ કે કયા પ્રકારની પેનલ માટે અરજી કરેલ છે તેનો ઉલ્લેખ કરેલ હશે નહીં, તેવી અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.

૨. વાપી મહાનગરપાલિકા વખતો વખત જે શરતો મુકે તેવી શરતોનું પાલન કરવાનું રહેશે.

૩. અરજદારે અરજીના કવર ઉપર **"પેનલ વકીલની નિમણુંક મેળવવા બાબત"** એમ સ્પષ્ટજણાવવાનું રહેશે.

અરજદારે જાહેરાત પ્રસિધ્ધ થયેથી અરજી તા.૧૬/૦૪/૨૦૨૫ સુધીમાંમ્યુનિસિપલ કમિશનરશ્રી, વાપી મહાનગરપાલિકાના,વાપી ટાઉન પોલીસ સ્ટેશનપાસે,તા-વાપી, જી-વલસાડ ખાતે ફક્ત સ્પીડ પોસ્ટ/રજીસ્ટર પોસ્ટથી ઓફિસ સમય દરમ્યાન મોકલવાની રહેશે.આ જાહેરાત વાપી મહાનગરપાલિકાની વેબસાઈટ m.vapimunicipal.com ઉપર જોઈ શકશો.

નાયબ મ્યુનિસિપલ કમિશ્નર,
વાપી મહાનગરપાલિકા-વાપી

## વાપી મહાનગરપાલિકા

## વલસાડ ડિસ્ટ્રીકટ કોર્ટ તેમજ વાપી તાલુકા કોર્ટ તેમજ અન્ય અદાલતોનાં એડવોકેટશ્રીની પેનલ બનાવવા અંગેની જાહેરાત

વાપી મહાનગરપાલિકા ધ્વારા / વિરુધ્ધ નામદાર મ્યુ.કોર્ટ, ડિસ્ટ્રીકટ કોર્ટ, ડિસ્ટ્રીકટ ફોરમ, ટ્રિબ્યુનલ,વાપી તાલુકા કોર્ટ,લેબર કોર્ટ, જિલ્લા કલેકટર કચેરીનાં કેસો, વાપીમહાનગરપાલિકા ધ્વારા ખરીદવા / વેચાણ કરવામાં આવેલ જમીન-મિલ્કતનાં દસ્તાવેજો / કરારો બનાવવા તથા ભાડાપટ્ટાના કરારો, એગ્રીમેન્ટ વિગેરે બનાવવા તેમજ વાપી મહાનગરપાલિકા વતી નામદાર કોર્ટો સમક્ષ હાજર રહી રજુઆતો કરી કેસોનો નિકાલ કરવા માટે વાપી મહાનગરપાલિકા ધ્વારા પેનલ એડવોકેટોની યાદી તૈયાર કરવાની હોય, જેથી ઈચ્છુક વકીલ પાસે અરજીઓ મંગાવવામાં આવે છે.

(એ) ગુજરાત ટાઉન પ્લાનીંગ એકટ, ધી જી.પી.એમ.સી.એકટ અન્વયેના જી.ડી.સી.આર., રેવન્યુ, યુ.ડી.ડી., ટેનન્સી, યુ.એલ.સી. બાંધકામની પરવાનગી, ગેરકાયદેસર બાંધકામ બાબતે, જમીન સંપાદન, ગુડા એકટ,જમીન-મિલ્કત, જાહેરાતના માધ્યમ (હોર્ડિંગ્સ, કીઓસ વિગેરે) અને આ જ કાયદા હેઠળ અન્ય બાબતના કેસો

(બી) મહાનગરપાલિકા તરફથી લાગુ પાડવામાં આવતા જનરલ ટેક્ષ અપીલ બાબતે થતાં કેસો

(સી) ક્રીમીનલ કેસો/મોટર એકસીડન્ટ ટ્રીબ્યુનલનાં કેસો.

(ડી) કર્મચારી/ કામદારોની નોકરીની શરતો, ખાતાકીય પગલાં વિગેરે બાબતને લગતા લેબર કોર્ટનાં કેસો.

(ઈ) અન્ય સીવીલ મેટર તેમજ ગ્રાહક તકરાર અધિનિયમ હેઠળના કેસો

(એફ) ફૂડ સેફટી એકટના કેસો

(જી) વા.મ.ન.પા. સામે કરેલ જમીન સંપાદન અંગેનાં લેન્ડ રેફન્સ વિગેરેનાં કેસો.

(એચ) વા.મ.ન.પા.એ ખરીદેલ/વેચાણ કરેલ જમીન-મિલ્કતનાં દસ્તાવેજો / કરારો બનાવવા તેમજ ભાડા કરારો, અગ્રીમેંટ બનાવવા બાબત.

(આઈ) તમામ કોર્ટમાં સોગંદનામું રજુ કરવા માટે તેમજ કરારો વિગેરે નોટરાઈઝડ કરવા નોટરી પબ્લિક તરીકે નિમણુંક કરવા બાબત.

ઉપરોકત વિવિધ પ્રકારના કેસો માટે હાલમાં પ્રેકટીશ કરતા જે તે કેશોના કામોનો ૧૦ વર્ષ કરતાં વધુ પ્રેકટીસનો અનુભવ ધરાવતા ઈચ્છુક વકીલો પારોથી અરજી મંગાવવામાં આવે છે.

<u>લાયકાત :-</u>

૧. અરજદાર જે પ્રકારના કેસોની પેનલ માટે અરજી કરતા હોય તેવા કેસો માટે સનદ મેળવ્યા તારીખથી ડિસ્ટ્રીકટ કોર્ટ/તાલુકા કોર્ટ / ફોરમ / લેબર કોર્ટ / ટ્રીબ્યુનલ કોર્ટ તથા અન્ય સ્થાનિક કોર્ટમા ઓછામાં ઓછા ૧૦વર્ષ અપીયર થયેલ હોવા જોઈએ.

૨. અનુભવ માટે ડિસ્ટ્રીકટ કોર્ટ / ફોરમ / લેબર કોર્ટ / ટ્રીબ્યુનલ કોર્ટ તથા અન્ય સ્થાનિક કોર્ટનું પ્રમાણપત્ર તેમજ સનદની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

3. ઉપરોકત પ્રકારનાં કેસો ચલાવવાનો અનુભવ ધરાવનાર તથા તે પ્રકારનાં કેસો બાબતે નીચે જણાવેલ માહિતી અંગેનાં જરૂરી પુરાવા અરજી સાથે રજુ કરવાનાં રહેશે.

   ૩.૧ ડિસ્ટ્રીકટ કોર્ટ / ફોરમ / લેબર કોર્ટ / ટ્રીબ્યુનલ કોર્ટ તથા અન્ય સ્થાનિક કોર્ટમાં કેટલા પ્રકારના કેસો ચલાવવાનો અનુભવ છે તથા કેટલા કેસો નામદાર કોર્ટમાં પેન્ડીંગ છે.

   ૩.૨ ડિસ્ટ્રીકટ કોર્ટ/ફોરમ / લેબર કોર્ટ/ ટ્રીબ્યુનલ કોર્ટ તથા અન્ય સ્થાનિક કોર્ટ પૈકી કુલ કેટલા કેસોમાં તમારી તરફેણમાં ચુકાદો આવેલ છે.

   3.3 સરકારશ્રી / કોર્પોરેશન તરફથી ડિસ્ટ્રીકટ કોર્ટ / ફોરમ / લેબર કોર્ટ / ટ્રીબ્યુનલ કોર્ટ તથા અન્ય સ્થાનિક કોર્ટમાં કેસો ચલાવવાનો અનુભવ છે તથા કેટલા કેસો નામદાર કોર્ટમાં પેન્ડીંગ છે.

   ૩.૪ સરકારશ્રી / કોર્પોરેશન તરફથી કેટલા કેસો ડિસ્ટ્રીકટ કોર્ટ / ફોરમ / લેબર કોર્ટ / ટ્રીબ્યુનલ કોર્ટ તથા અન્ય સ્થાનિક કોર્ટ પૈકી કેટલા કેસોમાં તમારી તરફેણમાં ચુકાદો આવેલ છે.

૪. નામદાર ડિસ્ટ્રીકટ કોર્ટ તથા અન્ય સ્થાનિક કોર્ટનાં કેસોની પેનલ બાબતે સ્થાનિક રહેવાસી એડવોકેટશ્રીઓને અગ્રીમતા આપવામાં આવશે.

<u>સુચના :-</u>

૧. છેકછાકવાળી, સમય મર્યાદા બાદ આવેલ કે કયા પ્રકારની પેનલ માટે અરજી કરેલ છે તેનો ઉલ્લેખ કરેલ હશે નહીં, તેવી અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.

૨. વાપી મહાનગરપાલિકા વખતો વખત જે શરતો મુકે તેવી શરતોનું પાલન કરવાનું રહેશે.

3. અરજદારે અરજીના કવર ઉપર **<u>"પેનલ વકીલની નિમણુંક મેળવવા બાબત"</u>** એમ સ્પષ્ટ જણાવવાનું રહેશે.

અરજદારે જાહેરાત પ્રસિધ્ધ થયેથી અરજી તા.૧૬/૦૪/૨૦૨૫ સુધીમાંમ્યુનિસિપલ કમિશનરશ્રી, વાપી મહાનગરપાલિકાના,વાપી ટાઉન પોલીસ સ્ટેશનપાસે,તા-વાપી, જી-વલસાડ ખાતે ફક્ત સ્પીડ પોસ્ટ/રજીસ્ટર પોસ્ટથી ઓફિસ સમય દરમ્યાન મોકલવાની રહેશે.આ જાહેરાત વાપી મહાનગરપાલિકાની વેબસાઈટ <u>m.vapimunicipal.com</u> ઉપર જોઈ શકશો.

નાયબ મ્યુનિસિપલ કમિશ્નર,
વાપી મહાનગરપાલિકા-વાપી